**મે.૧૧માં એડી.ચીફ જયુડી.મેજિ.કોર્ટ નં.૧૫, અમદાવાદ સીટી.**

***મણીનગર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૫૦૪૨૦/૨૦૨૫, ધી બી.એન.એસ. કલમ ૩૦૪(૨), ૫૪ મુજબના કામે આરોપી : મોસીન ઉર્ફે ચીના ઈસ્માઈલભાઈ મલેક ઉર્ફે મોસીન સઈદભાઈ રંગરેજનાઓની જામીન અરજી લગત હુકમ.***

---

**(૧)** હાલની જામીન અરજી, તથા રેકર્ડ વંચાણે લીધું. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી હાજર નથી, એ.પી.પી.શ્રીનો શેરો નથી. આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા.

**(૨)** હાલની અરજીમાં આરોપી તરફે વિ.વ.શ્રી જણાવે છે કે, આ કામના આરોપી તદ્દન નિર્દોષ છે અને તેની ઉપર ખોટી રીતે કેસ સાબિત થઈ શકે તેમ નથી. તેઓને ખોટી રીતે ગુનામાં સં ડોવી દીધેલ છે. આરોપી પોતાના કુટુંબ સાથે રહે છે, જેથી કયાંય નાસી ભાગી જાય તેવા નથી અને દર મુદતે કોર્ટમાં હાજર રહેશે. જેથી શરતોને આધીન જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

**(૩)** ઉભયપક્ષની દલીલ સાંભળી, ધ્યાને લઈ, રેકર્ડ વંચાણે લીધું. આ કામના આરોપીઓ સામેના ગુનાઓ ધ્યાને લેતાં તે ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની કોર્ટને છે. જો આરોપીને જામીન ઉપર મુજબ મુકત કરવામાં આવે તો તે કોર્ટમાં આસાનીથી હાજર રહી શકે તેમ છે કે કેમ, તેમજ ફરિયાદ પક્ષના સાક્ષીઓને ફોડવા પ્રયત્ન કરશે કે કેમ, તેમજ પુરાવા સાથે ચેડા કરશે કે કેમ, તે હકીકતો ધ્યાને લઈ કોર્ટે જામીન ઉપર મુકત કરવો કે કેમ, તેનો નિર્ણય લેવો જોઈએ. હાલના કિસ્સામાં આરોપી પોતાના કુટુંબ કબીલા સાથે રહે છે. તે હકીકત ધ્યાને લેતાં તે નાસીભાગી જાય તેવા જણાતા નથી અને જો યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી ટ્રાયલ સમયે પણ હાજર રહી શકશે તેમજ ફરિયાદી અને સાહેદોને પણ જોખમ નહી રહે તે હકીકત ધ્યાને લેતાં, આરોપીઓની જામીન અરજી સંદર્ભે નામદાર હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓની હકીકતો ધ્યાને લેતાં હાલની અરજી હેઠળ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**મે.૧૧માં એડી.ચીફ જયુડી.મેજિ.કોર્ટ નં.૧૫, અમદાવાદ સીટી.**

**–: <u>હુ ક મ</u> :–**

**આરોપી :** ***મોસીન ઉર્ફે ચીના ઈસ્માઈલભાઈ મલેક ઉર્ફે મોસીન સઈદભાઈ રંગરેજ*****નાઓને** રૂા.૧૦,૦૦૦/– ( દસ હજાર પુરા ) ના જામીન તથા મુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન **જામીન** મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને ધાકધમકીથી આપવી નહી અને પુરાવા સાથે ચેડા થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી.

(૨) આરોપીઓએ કાયમી રહેઠાણનું સરનામું અને મોબાઈલ નંબર સોગંદ ઉપર જાહેર કરવું.

(૩) આરોપીઓએ તપાસ કરનાર અમલદાર જયારે બોલાવે ત્યારે તેમની સમક્ષ ઉપસ્થિત રહેવું અને તપાસમાં સાથ સહકાર આપવો.

આ હુકમ આજ રોજ **તા.: ૦૨, માહે : ડિસેમ્બર, સને : ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૨/૧૨/૨૦૨૫.

ઈ.ચા.૧૧માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ સીટી.